# Gujarat Public Service Commission

## CORRIGENDUM

**List of Eligible Candidates for Interview**

**Advertisement No. 54/2016-17**

વંચાણે લીધી: (1) આયોગની તા.13.06.2017 અને તા.01.02.2018ની અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી

(2) આયોગની તા.22.03.2018ની રૂબરૂ મુલાકાતને પાત્ર ઉમેદવારોની યાદી

નાયબ નિયામક,ગુજરાત સંકલિત બાળ વિકાસ સેવા, વર્ગ-1ની જગ્યાએ ભરતી કરવા માટે જાહેરાત ક્રમાંક: 54/2016-17ના સંદર્ભમાં આયોગ દ્વારા તા.15.01.2017ના રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીના આધારે તા.13.06.2017ના રોજ અરજી ચકાસણીને પાત્ર કુલ: 31 ઉમેદવારોના બેઠક નંબરોની યાદી અને તા.01.02.2018ના રોજ અરજી ચકાસણીને પાત્ર કુલ : 26 ઉમેદવારોના બેઠક નંબરની યાદી પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. ત્યારબાદ, આયોગ દ્વારા તા.22.03.2018ના રોજ રૂબરૂ મુલાકાતને પાત્ર ઉમેદવારોની યાદી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

2. તા.22.03.2018ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ રૂબરૂ મુલાકાતને પાત્ર ઉમેદવારોની યાદીમાં બેઠક નં.101000065 નિયત અનુભવ ધરાવતા ન હોવાના કારણસર તેઓને રૂબરૂ મુલાકાત માટે અપાત્ર જાહેર કરવામાં આવેલ છે. આ ઉમેદવારની રજુઆત અન્વયે ચકાસણીને અંતે તેઓ નિયત અનુભવ ધરાવતા હોવાનું માલુમ પડેલ હોઇ, તેઓને રૂબરૂ મુલાકાતને પાત્ર ગણવા આયોગે નિર્ણય કરેલ છે. આથી, રૂબરૂ મુલાકાતને પાત્ર ઉમેદવારોની યાદી હેઠળની નોંધ : (1) "આયોગે નક્કી કરેલ લાયકી ધોરણ (Passing Standard) ધરાવે છે, પરંતુ જાહેરાતની જોગવાઇઓ પરિપુર્ણ કરતા ન હોઇ રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા નથી." માંથી આ ઉમેદવારનો બેઠક નં. રદ કરી ,તેઓનો રૂબરૂ મુલાકાતને પાત્ર ઉમેદવારોની યાદીમાં સમાવેશ કરવામાં આવે છે.

3. રૂબરૂ મુલાકાતને પાત્ર ઉમેદવારોની યાદી હેઠળની નોંધ :(1) હેઠળ સમાવવામાં આવેલ ઉમેદવારોની સંખ્યા હવે 41 થશે. આયોગના તા.14.10.1986ના કચેરી હુકમથી નિયત કરવામાં

આવેલ નોર્મ્સ મુજબ, પ્રસ્તુત જાહેરાતની 03 જગ્યા સામે 10 ઉમેદવારોને રૂબરૂ મુલાકાતને પાત્ર જાહેર કરવાના થતા હોવાથી, તા.22.03.2018ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ રૂબરૂ મુલાકાતને પાત્ર ઉમેદવારો પૈકી બેઠક નં. **101000165** હવે આયોગે નક્કી કરેલ લાયકી ધોરણ ધરાવતા ન હોઇ, રૂબરૂ મુલાકાત માટે અપાત્ર જાહેર કરવામાં આવે છે તથા તેઓનો સમાવેશ "જાહેરાતની જોગવાઇઓ પરિપુર્ણ કરે છે, પરંતુ આયોગે નક્કી કરેલ લાયકી ધોરણ (Passing Standard) ધરાવતા ન હોઇ રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા નથી." માં સમાવેશ કરવામાં આવે છે.

4. આયોગની તા.22.03.2018ની રૂબરૂ મુલાકાતને પાત્ર ઉમેદવારોની યાદીની અન્ય વિગતો યથાવત રહેશે.

**સ્થળ: ગાંધીનગર-382010**

**તારીખ: 09.04.2018**

સંયુક્ત સચિવ

ગુજરાત જાહેર સેવા આયોગ